સોની અને ઝી વચ્ચેનો દસ અબજ ડોલરનો મર્જર કરાર રદ થશે

સોની ગ્રુપે ઝીને કરાર રદ કરવાનો પત્ર મોકલ્યો, ૯ કરોડ ડોલરની બ્રેક-અપ ફી પણ માગી

નવી દિલ્હી, તા. 22: સોની ગ્રુપ હવે ઝી એન્ટરટેઇનમેન્ટ સાથેના તેના ભારતીય એકમના મર્જર કરારને રદ કરવાની યોજના બનાવી રહ્યું છે. આજે બ્લૂમબર્ગ આ વિશે એક રિપોર્ટ પ્રકાશિત કર્યો છે. આ રિપોર્ટ અનુસાર, સોની ગ્રુપે ઝી ગ્રુપ સાથે મર્જરની પ્રક્રિયાને સત્તાવાર રીતે ખતમ કરવા માટે ટર્મિનેશન લેટર મોકલ્યો છે. સોની ગ્રુપ કોર્પોરેશને આ વાતને પુષ્ટિ આપી છે.

આ અગાઉ 9 જાન્યુઆરીએ ઝી એન્ટરટેઇનમેન્ટ લિમિટેડે ઇકોનોમિક ટાઇમ્સના એક અહેવાલને પાયાવિહોણો અને તથ્યપૂર્ણ રીતે ખોટો ગણાવ્યો હતો. એક્સચેન્જ ફાઇલિંગમાં કંપનીએ કહ્યું હતું કે, અમે ફરીથી કહેવા માંગીએ છીએ કે કંપની સોની સાથે મર્જર માટે પ્રતિબદ્ધ છે. અમે સૂચિત મર્જરને સફળતાપૂર્વક બંધ કરવા તરફ કામ કરી રહ્યા છીએ. જો કે સોની ગ્રુપે જણાવ્યું છે કે તે હવે તેના ભારતીય એકમ સાથેના ઝી એન્ટરટેઇન્મેન્ટના ૧૦ અબજ ડોલરના કરારને રદ કરવા જઇ રહી છે. બે વર્ષ પહેલા આ કરાર થયો હતો. મનોરંજન જાયન્ટ કંપની એવી સોની હવે ઝી એન્ટરટેઇન્મેન્ટ પાસે ૯૦ મિલિયન ડોલર બ્રેક -અપ ફી પણ માગી રહી છે જે ફી મર્જરની શરતોનો ભંગ કરવા બદલ અને લવાદને વચ્ચે લાવવા બદલ માગવામાં આવી રહી છે. એમ જાણવા મળે છે કે આ નવી સંયુક્ત કંપનીનું વડપણ કોણ સંભાળે તે બાબતે સર્જાયેલ મડાગાંઠને કારણે આ બંને કંપનીઓ ભેગી થવાનો કરાર તૂટી રહ્યો છે. ઝી કંપનીના વડા પુનિત ગોએન્કા આ નવી મર્જડ કંપનીનું વડપણ સંભાળે તેવો આગ્રહ ઝી તરફથી રાખવામાં આવતો હતો જેનો સોની દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો હતો. આ પુનીત ગોએન્કા સામે છેતરપિંડીના આક્ષેપોના કારણોસર સેબી દ્વારા તપાસ થઇ ચુકી છે.

2021માં, ઝીએ જાપાનની સોની કોર્પની પેટાકંપની સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઇન્ડિયા સાથે મર્જરની જાહેરાત કરી હતી,

માઈક્રોન વોટર સિસ્ટમ સ્ટાફ જોઇએ છે

કમ્પ્યુટર ઓપરેટર
ઓફિસ એક્ઝીક્યુટીવ
માર્કેટીંગ એક્ઝીક્યુટીવ
પર્સનલ આસીસ્ટન્ટ -ફીમેલ
RO ટેકનીશયન
પગાર ૯,૦૦૦ થી ૧૭,૦૦૦/-

ડ્રાઈવર, ક્લીનર, હેલ્પર,
સ્ટોર કીપર - ફેશર
પગાર ૯,૦૦૦ થી ૧૪,૦૦૦/-

રૂબરૂ મળો / વોટ્સઅપ મેસેજ કરો:
સમય મંગળ, બુધ, ગુરુ સવારે ૮.૦૦ થી ૬.૦૦
પ્રિન્સ સ્કુલની સામે, સુરત ઓલપાડ રોડ
મો. ૯૯૨૫૦૨૪૫૦૮ / ૯૮૭૯૫૯૯૯૧૪

T. & T. V. INSTITUTE OF NURSING
(Affiliated to Veer Narmad South Gujarat University)
For M.Sc. Nursing, B.Sc. Nursing & Post Basic B.Sc. Nursing
WANTED

Sr. No.	Post	Eligibility
1	Principal	15 years' experience with M.Sc. (Nursing) out of which 10 years after M.Sc. (Nursing) in Collegiate Program.
2	Vice-Principal / Professor	12 years' experience with M.Sc. (Nursing) out of which 10 years after M.Sc. (Nursing) in Collegiate Program.
3	Nursing Tutor	M.Sc. (Nursing) / B.Sc. (Nursing) / P.B.B.Sc. (Nursing) with 1 year experience.

Apply within 7 days of the advertisement with all testimonial and recent passport size photograph to :
Hon. Secretary
S. D. V. S. ASHAKTASHRAM TRUST
Ashaktashram Campus, Nr. Lal Darwaja Flyover,
Ring Road, Surat-395003 Ph: 9879999417
Email : tntvprincipal@gmail.com, Web : www.ttvnursing.ac.in

સુરત મહાનગરપાલિકા
સાઉથ- ઈસ્ટ ઝોન (લિંબાયત)
જાહેર નોટીસ

દબાણ હેઠળ લાવવામાં આવેલ માલ સામાન પરત કરવા બાબત

સાઉથ-ઈસ્ટ(લિંબાયત)ઝોન વિસ્તારના ''૦'' દબાણ રસ્તા સિવાયના તમામ રસ્તાઓ ઉપરથી ઝોન કચેરી દ્વારા ઉપાડવામાં / દુર કરવામાં આવેલ લારી-ગલ્લા, કેબીન તેમજ અન્ય માલસામાન / ચીજ વસ્તુઓની માલિકી ધરાવતા ઈસમોને આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે સાઉથ ઈસ્ટ(લિંબાયત)ઝોન વિસ્તારના ''૦'' દબાણ રસ્તા સિવાયના તમામ રસ્તાઓ પરથી સુરત મહાનગરપાલિકા તરફથી તા.૩૧/૧૦/૨૦૨૩. સુધીના દબાણ / ડીમોલિશન હેઠળ જપ્ત કરવામાં આવેલ માલસામાન જેવા કે, લારી-ગલ્લા, કેબીન વજન કાટાં, ફર્નિચર, વાહનો, બાંધકામનો સામાન, લોખંડની એન્ગલો પ્લાસ્ટીકનો સામાન વિગેરે સામાન તથા રોડ રસ્તાના દબાણ દુર કરવા અન્વયે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સાઉથ-ઈસ્ટ(લિંબાયત) ઝોન કચેરીથી ફોર્મ મેળવી વિગત ભરી જરૂરી પુરાવા - નિશાની તેમજ ઓળખ પુરાવા આપી દિન-૩૦(ત્રીસ) માં નિયત દબાણ ચાર્જ ભરી દબાણ ડેપોથી છોડાવી જવા અન્યથા મુદત વિત્યે અત્રેના દબાણ ડેપોમાં જમા માલ-સામાનોનું ધી.બી.પી.એમ.સી એકટના પ્રકરણ- ૨૭ ની કલમ ૪૩૮ ની જોગવાઈ મુજબ નિકાલ કરવામાં આવશે તથા તે અંગેની કોઈપણ પ્રકારની ફરિયાદ પાછળ થી ધ્યાને લેવામાં આવશે નહિ.જેની સર્વે લાગતા વળગતા ઓએ નોંધ લેવી.

ડે.કમિશનર
સાઉથ-ઈસ્ટ(લિંબાયત) ઝોન
સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ./૬૨૧/૨૦૨૩-૨૪
તા. ૨૨/૦૧/૨૦૨૪

પંજાબ નૈશનલ બૈંક punjab national bank
...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

સર્કલ સસ્ત્ર સેન્ટર : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત, ગુજરાત. ફોન : ૦૨૬૧-૨૪૫૪૫૩ email: cs8323@pnb.co.in

પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના [રૂલ ૩] સાથે વંચાણે લઈ **તા.૨૨.૦૫.૨૦૨૩** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી દેવાદારો / ગીરવેદાર મેસર્સ નંદીની ફિબ્રેશન (માલિક શ્રી રાજા પાવન ગોએન્કા) (દેવાદાર) અને શ્રીમતી ગોએન્કા કવિતા તે પાવનના પત્ની (જામીનદાર) ને નોટીસમાં દર્શાવેલ રકમ રૂા.૩૨,૫૫,૪૬૧.૭૯ (અંકે રૂા. બત્રીસ લાખ પંચાવન હજાર ચારસો એકસઠ અને ઓગણએંસી પૈસા પુરા) તા.૩૦.૦૪.૨૦૨૩ ના રોજના અને માસિક રેસ્ટ સાથે વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને ખર્ચાઓ સહિત આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો/જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) ના નિયમ ૮ સાથે વંચાણે લઈ સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ હેઠળ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી **તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૨૪** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો/ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૩૨,૫૫,૪૬૧.૭૯ (અંકે રૂા. બત્રીસ લાખ પંચાવન હજાર ચારસો એકસઠ અને ઓગણએંસી પૈસા પુરા) તા.૩૦.૦૪.૨૦૨૩** ના રોજના અને તેના ઉપરના વધરાના વ્યાજ ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત મેટ્રો ટાવર સ્થિત મેટ્રો ફ્લોરની દુકાન નં.એમ-૩૮, જેનું સુપર બિલ્ટ અપ એરીયા માપ ૩૨૧.૦૦ ચો.ફુટ યાને ૨૯.૮૩ ચો.મી. જેની જમીનમાં પ.૬૬ ચો.મી.ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, જમીન સીટી સર્વે નં.૨૮૮૫/ડી/૧/એ/૮/એ/૩, વોર્ડ નં.૦૩, સલાબતપુરા, રીંગ રોડ, જી.સુરત ખાતે શ્રીમતી કવિતા ગોએન્કા ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : જોડેની દુકાન નં.૩૯, પૂર્વ તરફ : કોમન પેસેજ અને દુકાન નં.૩૭, દક્ષિણ તરફ : દુકાન નં.૩૭-બી, પશ્ચિમ તરફ : ઓટીએસ આવેલ છે.

તારીખ : ૨૧.૦૧.૨૦૨૪ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

પંજાબ નૈશનલ બૈંક punjab national bank
...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

સર્કલ સસ્ત્ર સેન્ટર : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત, ગુજરાત. ફોન : ૦૨૬૧-૨૪૫૪૫૩ email: cs8323@pnb.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના [રૂલ ૩] સાથે વંચાણે લઈ **તા.૦૧.૧૧.૨૦૨૩** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી દેવાદારો / ગીરવેદાર મેસર્સ બૉક્સિ ફેબ્રિક્સ પ્રા.લિ. (દેવાદાર), શ્રી અનિલકુમાર ખૈતાન (ડીરેક્ટર અને જામીનદાર), શ્રીમતી રોશની ખૈતાન (ડીરેક્ટર અને જામીનદાર), શ્રી બિષ્ણુકુમાર ખૈતાન (ડીરેક્ટર અને જામીનદાર), શ્રિતિ મીરા ખૈતાન (જામીનદાર) અને શ્રી સુમિતકુમાર અગરવાલ (ડીરેક્ટર અને જામીનદાર)ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૮૨,૮૯,૮૪૯.૨૩ (અંકે રૂા. બ્યાંસી લાખ નેવ્યાંસી હજાર આઠસો ઓગણપચાસ અને ત્રેવીસ પૈસા પુરા) તા.૩૧.૧૦.૨૦૨૩** ના રોજના અને માસિક રેસ્ટ સાથે વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને ખર્ચાઓ સહિત આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો/જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) ના નિયમ ૮ સાથે વંચાણે લઈ સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ હેઠળ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી **તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૨૪** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો/ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૮૨,૮૯,૮૪૯.૨૩ (અંકે રૂા. બ્યાંસી લાખ નેવ્યાંસી હજાર આઠસો ઓગણપચાસ અને ત્રેવીસ પૈસા પુરા) તા.૩૧.૧૦.૨૦૨૩** ના રોજના અને તેના ઉપરના વધરાના વ્યાજ ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ હક્ક ટાઈટલ અને હિત ધરાવતી મિલકત કોહિનૂર ટેક્ષટાઈલ માર્કેટ નામની બિલ્ડીંગ ના સી-વીંગ ના રજા માળની દુકાન નં.સી-૨૪૫૦, જેનું માપ ૧૭૦ ચો.ફુટ, જેની પ.૩૪ ચો.મી. જમીન ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિતનું બાંધકામ સીટી સર્વે વોર્ડ નં.૦૩, નોંધ નં.૨૧૫૦/સી, તા.ચોર્યાસી, જી.સુરતના સલાબતપુરા વિસ્તારમાં સુરત ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે, જે શ્રીમતી મીરા અનિલકુમાર ખૈતાન અને શ્રી અનિલકુમાર રીચપાલ ખૈતાન ના નામે આવેલ છે.
અને :
તમામ હક્ક ટાઈટલ અને હિત ધરાવતી મિલકત કોહિનૂર ટેક્ષટાઈલ માર્કેટ નામની બિલ્ડીંગ ના સી-વીંગ ના રજા માળની દુકાન નં.સી-૨૪૫૧, જેની ઉ.૩૬ ચો.મી. જમીન ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિતનું બાંધકામ સીટી સર્વે વોર્ડ નં.૦૩, નોંધ નં.૨૧૫૦/સી, તા.ચોર્યાસી, જી.સુરતના સલાબતપુરા વિસ્તારમાં સુરત ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે, જે શ્રીમતી મીરા અનિલકુમાર ખૈતાન અને શ્રી અનિલકુમાર રીચપાલ ખૈતાન ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્રવેશ પેસેજ અને દુકાન નં.૨૪૨૮, પશ્ચિમ તરફ : ઓ.ટી.એસ., ઉત્તર તરફ : દુકાન નં.૨૪૪૯, દક્ષિણ તરફ : દુકાન નં.૨૪૫૨ આવેલ છે.

તારીખ : ૨૦.૦૧.૨૦૨૪ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

અનુસંધાન ... પાના છેલ્લાનું

સુરતનું જલ,...

જગ્યાએ વિશાળ એલઇડી સ્ક્રીન મૂકી અયોધ્યામાં રામની પ્રાણપ્રતિષ્ઠાનું લાઇવ પ્રસારણ નિહાળ્યું હતું. ઠેર ઠેર ભંડારો, મહાપ્રસાદ, મહાઆરતીનાં આયોજનોથી શહેર ગૂંજતું રહ્યું હતું. ઠેકઠેકાણે પંડાળો ઊભા કરી લોકોએ ડીજેના તાલે રામનાં ભજનો અને ગીતો સાથે રાસની રમઝટ પણ બોલાવી હતી.

રામલલ્લાના મસ્તકે...

સોનાનો આભુષણોથી જડેલો મુગટ અર્પણ કરવામાં આવે.

નાવડીયાએ વધુમાં કહ્યું કે 5મી જાન્યુઆરીએ અયોધ્યાના નવનિર્મિત મંદિરમાં ભગવાન શ્રી રામની કઇ મૂર્તિ બિરાજમાન કરવી તે બાબત નક્કી થઇ અને એ જ દિવસે સુરતમાં તેની ખબર આપવામાં આવી. સુરતથી ગ્રીન લેબ કંપનીના બે કર્મચારીઓને ભગવાન શ્રી રામની મૂર્તિના મસ્તકનું માપ લેવા માટે ખાસ વિમાન મારફતે અયોધ્યા મોકલવામાં આવ્યા હતા. તેઓ મૂર્તિનું માપ લઇને સીધા સુરત આવ્યા અને એ પછી ભગવાન શ્રી રામલલ્લા માટે મુગુટ બનાવવાનું કામ શરૂ કરાયું હતું.

કુલ 6 કિલો વજન ધરાવતા મુગટમાં સાડા ચાર કિલોગ્રામ સોનુ વપરાયું છે. તદુપરાંત નાની મોટી સાઇઝના હીરા, માણેક, મોતી, પર્લ, નિલમ વગેરે રત્નો જડવામાં આવ્યા છે. તમામ સામગ્રીના ઉપયોગ બાદ મુગટનું જે સ્વરૂપ સર્જાયું એ અયોધ્યાના વિશ્વપ્રસિદ્ધ નવનિર્મિત મંદિરમાં બિરાજમાન થયેલા ભગવાન રાજા રામચંદ્રના મસ્તક પર અત્યંત શોભાસ્પદ બન્યું છે.

આજે અયોધ્યા મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા સમારોહ યોજાયો તેની પૂર્વ સંધ્યાએ ગ્રીન લેબ ડાયમંડ કંપનીના મુકેશ પટેલે અયોધ્યા રામજન્મભૂમિ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જેમાં મંત્રી ચંપત રાય, વિહિપના કાર્યકારી અધ્યક્ષ આલોક, મહામંત્રી મિલન, દિનેશ નાવડીયા વગેરેની હાજરીમાં અંદાજે 11 કરોડનો મુગટ અર્પણ કર્યો છે.

ડાયમંડ બુર્સની...

બાયર્સ ટ્રેનના પ્રવાસની ભીડથી કંટાળે છે, કિરણ જેમ્સનાં માલિક અને સુરત ડાયમંડ બુર્સના સ્વપ્નદ્રષ્ટા વલ્લભભાઈ લાખાણી દ્વારા સંચાલિત, નવેમ્બર 2023માં SDBમાં પોતાની ઓફિસ સુરત શિફ્ટ કર્યા પછી કહે છે કે, વેપારમાં પણ વ્યાપક અસર થઈ હતી. કિરણ જેમ્સ દ્વારા મુંબઈના કર્મચારીઓને રાખવા માટે સુરતમાં લક્ઝુરિયસ 1,200 ફ્લેટ બનાવવામાં આવ્યા હતા. જાણકારો કહે છે કે, સુરત ડાયમંડ બુર્સ કમિટીને સરકારે સુરતથી બેંગકોક વાયા હોંગકોંગની ડેઈલી ફ્લાઈટ, સિંગાપોર, લંડન, ન્યુયોર્ક, બ્રસેલ્સની વિકલી ફ્લાઈટ શરૂ કરવા માટે આપવામાં આવેલું વચન સરકારે પાળ્યું નથી. માત્ર બે એરલાઈન્સ કંપનીએ દુબઈની બે ફ્લાઈટ જાહેર કરી છે, એમાં પણ એકપણ ફ્લાઈટ ડેઈલી નથી. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત સહિતના મહાનગરોમાં 70 માળની બિલ્ડિંગ ઊભી કરવાની જાહેરાતો કરનાર સરકારે ઈન્ટરનેશનલ હોટેલની ચેઈનને 30 માળની મંજૂરી આપવા પરવાનગી નહિ આપતા એને લઈને પણ ખોટો મેસેજ ગયો છે. સુરત ડાયમંડ બુર્સ કે એરપોર્ટની નજીક 30 માળની બિલ્ડિંગનું બાંધકામ મળી રહ્યું નથી.

સુરત ડાયમંડ બુર્સ કમિટીના મીડિયા કમિટીના ચેરમેન દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, 'સુરત હીરા બુર્સની કમિટીના સભ્યોએ સર્વાનુમતે તમામની સહી સાથે વલ્લભભાઈ પટેલને એક પત્ર પાઠવીને જણાવ્યું છે કે સ્વાભાવિક છે કે સુરત હીરા બુર્સમાં વિધિવત રીતે મોટાભાગની ઓફિસો શરૂ થાય અને કારોબાર ધમધમે, તેમાં હજુ થોડો સમય નીકળી જાય તેમ છે. આવી સ્થિતિમાં કિરણ જેમ્સને કારોબાર કરવામાં તકલીફ ન પડે તે માટે તમામ મેનેજિંગ કમિટીના સભ્યોએ કિરણ જેમ્સના વલ્લભભાઈ પટેલને સૂચન કર્યું છે કે તેમણે કિરણ જેમ્સનો કારોબાર મુંબઈથી પણ જારી રાખવો જોઈએ.'

80 ટકા મેમ્બરો મે 2024 સુધીમાં ઓફિસો શરૂ કરવા સંમત : દિનેશ નાવડિયા

ઘીમાં હીરા બુર્સમાં પોતાની ઓફિસો શરૂ કરવા માટેની સંમતિ આપી દીધી છે. એ પ્રમાણે ફર્નિચરના કામો પણ શરૂ કરવામાં આવી રહ્યા છે. મિડીયા કમિટીના કન્વીનર દિનેશભાઇ નાવડીયા વધુમાં જણાવે છે કે સુરત હીરા બુર્સના ચેરમેન વલ્લભભાઇ પટેલની કંપનીએ કમિટમેન્ટ આપ્યું હતું કે તેઓ સૌથી પહેલા મુંબઇનો કારોબાર સમેટી સુરત હીરા બુર્સમાં સંપૂર્ણપણે શીફ્ટ થશે અને તેમના કમિટમેન્ટ મુજબ કિરણ જેમ્સ મુંબઇનો કારોબાર સમેટીને સુરત શીફ્ટ થયા છે.

બુર્સની મેનેજમેન્ટ...

બુર્સની સર્વિસ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન નાગજીભાઈ સાકરીયા પર મુંબઈ ઓફિસ બંધ કરી સુરતથી કારોબાર શરૂ કરવાનું દબાણ વધતાં તેમણે રાજીનામું આપી દીધું હતું. એને લીધે મુંબઈથી સુરત શિફ્ટ થવા માંગતી કંપનીઓ પણ અટકી ગઈ છે. નાગજીભાઈ સાકરિયાના અચાનક રાજીનામાએ આગમાં બળતણ ઉમેર્યું છે, જે આંતરિક વિખવાદ અંગે ચિંતા પેદા કરે છે.

પશ્ચિમ રેલવે

બગડેલા બ્રિજ મેમ્બર્સનું સમારકામ અને બદલીકરણ

ઈ-ટેન્ડર નોટીસ નં. DYCE-BR-BRC-01-2024 ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુટી ચીફ એન્જીનીયર (બ્રીજ લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **ટેન્ડર નં. DYCE- BR-BRC-01-2024. કામનું નામ:** ત્રાહિત પક્ષના ઓડિટ અહેવાલની ભલામણ મુજબ વડોદરા મંડળના અંકલેશ્વર અને ભરૂચ સ્ટેશનો વચ્ચે બ્રિ. નં. 502 (નર્મદા નદી) ના પુનર્વાસના સંબંધમાં બગડેલા બ્રિજ મેમ્બર્સનું સમારકામ અને બદલીકરણ કરવાનું કામ. **કાર્યની અંદાજીત પડતર:** ₹ 46,92,71,474.11 **જમા કરાવવાની બીડ સિક્યુરીટી:** ₹ 24,96,400.00, **ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ઓન લાઈન ટેન્ડર **તા.23-02-2024** ના રોજ 15:00 કલાક પહેલા જમા કરાવવાનું રહેશે અને તે જ તારીખે 15:30 કલાકે ખોલવામાં આવશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરે :** ડેપ્યુટી ચીફ એન્જીનીયર (બ્રિજ લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. **વેબસાઈટ @ www.ireps.gov.in** BRC-309

અમને ફોલો કરો: twitter.com/WesternRly

ટાઈટલ ક્લીયરન્સ બાબત વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીક્ટ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ મજુરા તાલુકા શહેર સુરતના **મોજે ડુમસ ના રે.સર્વે નંબર/બ્લોક નંબર : ૧૪૯ + ૧૫૦, થી નોંધાયેલી જમીન, જેનો ટી.પી.સ્કીમ નંબર : ૭૮ (ડુમસ-ભીમપોર-ગવીયર), ફા.પ્લોટ નંબર : ૮/એ, ૮/બી** માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૬૯, **જેનું ક્ષેત્રફળ : ૪૦૦ સમ ચોરસ વાર યાને ૩૩૪.૪૦ સમ ચોરસ મીટર છે.** તે ખુલ્લા પ્લોટવાળી જમીન તેને લાગતાં વળગતાં અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની ખુલ્લા પ્લોટવાળી જમીન **રતુબેન હીરાભાઈ પટેલ,** નાએ પોતાની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટા હેઠળની હોવાનું જણાવી તથા નીચે શીડયુલમાં જણાવેલ દસ્તાવેજો ગુમ થયેલ હોવાનું જણાવી તથા સદરહું ખુલ્લા પ્લોટવાળી જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલ પાસેથી વેચાણ પેટેનો અવેજ સ્વીકારી વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને હમારા અસીલ તેનો ટુંક સમયમાં કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી સદરહું મિલકત અંગે જે કોઈ શખ્સ કે ઈસમ કોઈના કોઈપણ જાતના હક્ક, હીત, હીસ્સો અગર બેંક કે બેકિંગ જેવી સંસ્થાની કોઈપણ જાતની લોન, કરજ, બોજો હોય તો તેઓએ **દિન-૭** માં લેખિત પુરાવા સહિત હમોને જાણ કરવી. મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ જાતના હક્ક, હીત, હીસ્સો, દરદાવો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી સદર મિલકતના ટાઈટલ ક્લીયર ગણી હમારા અસીલ સદરહું મિલકત અંગેનો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-વિરોધ ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

:: ગુમ થયેલ દસ્તાવેજોની વિગત ::

ક્રમ	દસ્તાવેજથી ખરીદનારનું નામ	દસ્તાવેજ રજી.નં.	તારીખ	ગુમ થયેલાની વિગત
(૧)	રાજુલ મેહુલ વકીલ વિગેરે...	૧૨૫૦	૦૧.૦૭.૧૯૭૭	રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ

અશોકકુમાર સી.રાણા — એડવોકેટ એન્ડ નોટરી, મો.૯૮૨૫૧૭૮૩૩૭
કમલેશકુમાર સી.કહાર — એડવોકેટ, મો.૯૮૨૫૫૩૩૧૮૩
હરીશ એ.રાઠોડ — એડવોકેટ, મો.૯૭૧૨૬૩૭૯૩૮

તે ખરીદનારના એડવોકેટસ્
ઓફીસ : ૧/૯૯૩, ઓફીસ નં.૨૦૪, "દ્વારકેશ" ગીતા એપાર્ટમેન્ટની પાસે, પારસી અગિયારીની સામે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત.

જાહેર નોટીસ

નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી ખેતીની જમીન હાલમાં એ.કુ.વ.ક પરસોત્તમભાઈ પરભુભાઈ, રહે. દિપલી ફળિયા, મોજે જીઆવ, તા. મજુરા, જી. સુરતના નામ ઉપર ચાલી આવેલ છે.

:મિલ્કતનું વર્ણન:

૧) સુરત ડીસ્ટ્રીકટ, તાલુકો મજુરા મોજે ગામ જીઆવ ખાતે આવેલી રે. સર્વે નં. ૨૫૭, યાને બ્લોક/સર્વે નં. ૨૮૪ થી નોંધાયેલી ખેતીની જુની શરતની જમીન કે જેનું ક્ષેત્રફળ ૦-૧૫-૪૬ ચો.મી યાને ૧૫૪૬ ચો.મી. છે તથા જેનો આકાર ૦રૂા.૮૧ પૈસા છે તથા જે ખાતા નં. ૯૩ થી નોંધાયેલ છે, તે ખેતીની તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત. ૨) સુરત ડીસ્ટ્રીકટ, તાલુકો મજુરા મોજે ગામ જીઆવ ખાતે આવેલી રે. સર્વે નં. ૩૧૫, પાને બ્લોક/સર્વે નં. ૩૨૮ થી નોંધાયેલી ખેતીની જૂની શરતની જમીન કે જેનું ક્ષેત્રફળ ૧-૮૯-૦૮ ચો.મી યાને ૧૮૯૦૮ ચો.મી. છે તથા જેનો આકાર ૧૦રૂા. ૩૧ પૈસા છે તથા જે ખાતા નં. ૯૩ થી નોંધાયેલ છે, તે ખેતીની તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત. સુંદર ખેતીની જમીનમાં હમારા અસીલ બળવંતભાઈ રવજીભાઈ પટેલ તથા અરવિંદભાઈ રવજીભાઈ પટેલ બન્ને રહે. ૨૨, ટેકરા ફળિયુ, ઉબેર, સચીન, તા.ચોર્યાસી, જી.સુરતના તથા અન્ય હિસ્સેદારોનો કાયદેસરનો વણવહેંચાયેલો હિસ્સો ચાલી આવેલ છે. સબબ, આથી જાહેર જનતાને જણાવવાનું કે, સદર મિલ્કત યાને બ્લોક નં. ૨૮૪ તથા ૩૨૮ થી નોંધાયેલી ખેતીની જમીનો હમારા અસીલની સંમતિ સિવાય કોઈ પણ ઈસમે વેચાણ, બ્રક્ષિસ, ગીરો યા અન્ય હરકોઈ રીતે રાખવી નહ